# નિયામકશ્રી ઇન્ફોર્મેશન ટેકનોલોજીની કચેરી

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ - ૩૮૮૧૧૦,ગુજરાત

યુનિટ / સબયુનિટના વડાશ્રીઓ, અધિકારીશ્રીઓ /
કર્મચારીશ્રીઓ અને/અથવા કચેરીને
ફાયરવોલમાંથી મુક્તિ આપવા બાબત.

સંદર્ભ:-જા.નં.આકૃયુ/નિયામક આઈ.ટી /૩૪૭/૧૧, તા.૨૮/૦૭/૨૦૧૧

## પરિપત્ર

ઉપરોકત સંદર્ભિત પરિપત્ર પ્રમાણે યુનિટ/સબયુનિટના વડાશ્રીઓને તેમની જરૂરીયાત અનુસાર SERVER/PC/LAPTOP/MOBILE માં તેમના MAC Address લઈને ફાયરવોલમાંથી મુક્તિ આપવામાં આવેલ છે. વધુમાં આ અંગે જે તે યુનિટ/ સબયુનિટ વડા તરફથી મળેલ રજૂઆત પ્રમાણે જે તે અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ અને/અથવા કચેરીને SERVER/PC/LAPTOP/MOBILE માં પણ ફાયરવોલમાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

ઉપરોક્ત બાબત અંગે જણાવવાનું કે સદર સગવડતા મળ્યા બાદ જે તે અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ નિવૃત થયા હોય અથવા તેમના SERVER/PC/LAPTOP/MOBILE બદલાતા હોય તેવા સંજોગોમાં અત્રેની કચેરીને જાણ કરવામાં આવતી નથી, આથી જે તે જુના SERVER/PC/LAPTOP/MOBILE ફાયરવોલમાંથી મુક્ત જ રહે છે, અને સરવાળે ઈન્ટરનેટની સેવાઓ પર તાંત્રિક રીતે અસર પડે છે.

આથી તારીખ ૧૭/૧૦/૨૦૧૯ સુધીમાં જે તે અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ/કચેરીના SERVER/PC/LAPTOP/MOBILE માં જો ફાયરવોલ - ફ્રી એક્સેસ જોઈતો હોય તો, તેવા SERVER/PC/LAPTOP/MOBILE નું MAC Address સામેલ ફોર્મેટ પ્રમાણે જે તે યુનિટ વડાશ્રીના અધિકૃત ઇ-મેઈલ આઈડીમાંથી જ માત્રને માત્ર **dit@aau.in** પર મોકલવાનું રહશે. તારીખ ૧૭/૧૦/૨૦૧૯ બાદ અગાઉના SERVER/PC/LAPTOP/MOBILE કે જે અત્રેની કચેરી તરફથી ફ્રી કરવામાં આવેલ છે જે ક્રમશ: બંધ કરવામાં આવશે, જે સર્વેની નમ્ર જાણ સારૂં.

ઉપરોક્ત પરિપત્ર આણંદ કૃષિ યુનિવર્સીટી આણંદ કેમ્પસ અને વસો કેમ્પસ ખાતેના કેન્દ્રો/વિભાગો માટે જારી કરવામાં આવે છે; જેથી કરીને ઈન્ટરનેટ સેવાઓનું સુચારૂ નિયંત્રણ તેમજ જે તે કચેરી, અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ અને વિદ્યાર્થી હિતમાં અસરકારકરૂપે પૂરી પાડી શકાય.

સામેલ: ઉપરોક્ત જણાવ્યા પ્રમાણેનું ફોર્મેટ

જા.નં.આકૃયુ/ડીઆઈટી/૩૦૭-૩૦૮/૨૦૧૯
તા.૦૩/૧૦/૨૦૧૯

નિયામક
ઇન્ફોર્મેશન ટેકનોલોજી

**<u>નકલ રવાના:</u>**

૧) આકૃયુના આણંદ કેમ્પસ અને વસો કેમ્પસ ખાતેના યુનિટ/ સબયુનિટના વડાશ્રીઓને નમ્ર જાણ તથા ઘટતું થવા સારૂ.

# નિયામકશ્રી ઈન્ફોર્મેશન ટેકનોલોજી ની કચેરી

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ–૩૮૮ ૦૦૧, ગુજરાત

AAU
કૃણવન્તો રાષ્ટ્ર કૃતિ સંપન્નમ્

ડૉ. ડી. આર. કથીરીયા
P h.D. (Computer Science)
નિયામક આઈ.ટી.

☎ : ૦૨૬૯૨–૨૬૦૭૧૨
E-mail : dit@aau.in
ફેક્સ : ૦૨૬૯૨–૨૬૩૦૫૩


જા.ન.આકૃયુ/ નિયામક આઈ.ટી./ ૩૪૭ /૧૧ તા. ૨૮-૦૭-૨૦૧૧

પ્રતિ,

પ્રતિ,

યુનિટ / સબ યુનિટ વડા, .

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.

વિષય: યુનિટ/સબયુનિટના વડાઓને Firewall માંથી મુક્તિ આપવા બાબત...

આથી સર્વે યુનિટ / સબ યુનિટ ના વડાઓ ને જણાવવાનું કે, નવી ઘડાયેલ ઇન્ટરનેટ નીતિ અંતર્ગત, પ્રથમ તબક્કા માટે ઇન્ટરનેટ વપરાશ માટેનાં ફોર્મ અત્રેની કચેરી દ્વારા મંગાવવામાં આવેલ હતા. જે ઘણી ખરી કચેરીઓમાંથી આવી ગયેલ છે. તદઉપરાંત આણંદ કૃષિ યુનિવર્સિટીમાં ઇન્ટરનેટ વપરાશ અંગેના નિયમોની નકલ પણ જે તે કચેરીનાં વડાને મોકલવામાં આવેલ હતી.

વધુમાં જણાવવાનું કે શૈક્ષણિક/સંશોધન/વિસ્તરણ કાર્યમાં અવરોધ ન આવે તે હેતુથી, યુનિટ/સબયુનિટના વડાઓને Firewall માંથી મુક્તિ આપવામાં આવશે. તે માટે લેખિતમાં જાણ કરવાની રહેશે અને સંબંધિત વડાએ ઇન્ટરનેટ વપરાશ માટેનું ફોર્મ ભરવું ફરજિયાત છે ત્યારબાદ અત્રેની કચેરીએથી IP Address ફાળવવામાં આવશે. આ ઉપરાંત આણંદ કૃષિ યુનિવર્સિટીમાં ઇન્ટરનેટ વપરાશ અંગેના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને પ્રતિબંધિત Website નો વપરાશ કરવો નહિ. પ્રતિબંધિત Website ની યાદી A.A.U Intranet Service પર તા.૦૧/૦૮/૨૦૧૧ થી મુકવામાં આવશે.

આ અંતર્ગત જો આણંદ કૃષિ યુનિવર્સિટીમાં ઇન્ટરનેટ વપરાશ અંગેના નિયમોનું ઉલ્લંઘન થશે તો Firewall ફરીથી લાગુ કરી દેવામાં આવશે.

અનિવાર્ય સંજોગોમાં આ સેવાનો લાભ આપની કચેરીના અન્ય કર્મચારીને આપવાનો રહેશે.

નિયામક
આઈ.ટી

નકલ રવાના:

માન. કુલપતિશ્રી ના રહસ્ય સચિવ, આણંદ કૃષિ યુનિવર્સિટી તરફ જાણ સારુ.